જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૧૪-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

પ્રિયંકા ગાંધીએ હા પાડી અંતિમ નિર્ણય રાહુલ-સોનિયા નિર્ણય લેશે, સપા-બસપા સાથે પણ ચર્ચા થઈ

વારાણસીમાં મોદી VS પ્રિયંકા વચ્ચે હાઈપ્રોફાઈલ જંગ...!?

કોંગ્રેસ તરફથી પ્રિયંકા ગાંધી વારાણસી બેઠક પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ ચૂંટણી લડી શકે છે



ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણીનો ગરમાવો દેશભરમાં બરાબરનો જામ્યો છે. તેમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશની વારાણસી બેઠક પરથી ચૂંટણી લડવાના છે તે વારાનસી બેઠકને લઈને હજી પણ સસ્પેન્સ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કોણ ચૂંટણી મેદાને પડશે તેને લઈને દેશભરના લોકોની નજર છે. પરંતુ હવે આ સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે.

કોંગ્રેસ તરફથી પાર્ટી મહાસચિવ અને પૂર્વ ઉત્તર પ્રદેશની પ્રભારી પ્રિયંકા ગાંધી વારાણસી બેઠક પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ ચૂંટણી લડી શકે છે. સૂત્રો તરફથી હાથ લાગેલી વિગતો પ્રમાણે પ્રિયંકા ગાંધીએ પોતે અહીંથી ચૂંટણી લડવાની હા ભરી દીધી છે. જોકે આ મામલે અંતિમ નિર્ણય કોંગ્રેસ અધ્યક્ષ અને તેમના ભાઈ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની માતા સોનિયા ગાંધીએ લેવાનો છે.

પાર્ટી મહાસચિવ બન્યા બાદ પ્રિયંકા રાજકારણમાં ખુબ જ સક્રિયતા દાખવી રહ્યાં છે. તેઓ પાર્ટી માટે પ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં પ્રચાર કરી રહ્યાં છે. ગત કેટલાક દિવસ પહેલા તેમણે એક સમર્થકના સવાલ પર મોદી વિરૂદ્ધ ચૂંટણી લડવાની વાત પણ કરી હતી.

પ્રિયંકા ગાંધીએ વારાણસીમાં બાબા કાશી વિશ્વનાથના મંદિરના દર્શન પણ કર્યા, શહીદોના પરીજનોને મળ્યા અને ત્યાર બાદ રોડ શો પણ કર્યો. જેને લઈને કયાસ લગાવવામાં આવી રહ્યાં છે કે શું પ્રિયંકા ગાંધી અહીંથી લોકસભાની છૂંટણી લડશે? સૂત્રૂના કહેવા પ્રમાણે પ્રિયંકા પોતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે બનારસથી ચૂંટણી લડવાને લઈને ગંભીરતાપૂર્વક વિચાર કરી રહી છે.

પ્રિયંકાના નજીકના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગત ચૂંટણીમાં મોદી સામે આપ, સપા, બસપા અને કોંગ્રેસે ચૂંટણી લડી હતી. ૨૦૧૪માં મોદીના પક્ષમાં હવા પણ હતી. અહીં મોદી પોતાના વિરોધી ઉમેવાર અરવિંદ કેજરીવાલ વિરૂદ્ધ ૩,૭૧,૭૮૪ વોટના જંગી અંતરથી ચૂંટણી જીત્યા હતાં. નરેન્દ્ર મોદીને કુલ ૫,૮૧,૦૨૨ મત મળ્યાં હતાં. તો અરવિંદ કેજરીવાલને ૨,૦૮,૨૩૮ મત મળ્યાં હતાં.

૨૦૧૪માં કોંગ્રેસના ઉમેદવાર અજય રાય ૭૫,૬૧૪ મતો સાથે ત્રીજા સ્થાને રહ્યાં હતાં. તો બસપાના ઉમેદવાર વિજય પ્રકાર જાયસ્વાલ ૬૦,૫૭૯ મતો સાથે ચોથા સ્થાને રહ્યાં હતાં. ઉત્તર પ્રદેશમાં તે સમયની સત્તારૂઢ પાર્ટી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર કૈલાશ ચૌરસિયાને ૪૫,૨૯૧ મત મળ્યાં હતાં અને તેઓ પાંચમાં સ્થાને રહ્યાં હતાં.

વોટ આપો કે ન આપો, ચૂંટણી પછી કામ માટે જરૂર આવજોઃ વરૂણ ગાંધી

પીલીભીત

લોકસભા ચૂંટણી ૨૦૧૯ના બીજા તબક્કાનું મતદાન હવે ૧૮ એપ્રિલના રોજ યોજાવાનું છે. તેના માટે તમામ ઉમેદવારોએ પ્રચારમાં તેજી લાવી દીધી છે. ભાજપના ઉમેદવાર મેનકા ગાંધીએ સુલતાનપુરમાં મુસલમાનોને વોટ માટે ધમકી આપી દીધી છે. ત્યારે હવે તેમના પુત્ર અને પીલીભીત બેઠક પરથી ભાજપના ઉમેદવાર વરૂણ ગાંધીએ પણ મુસ્લિમ મતદારોને સલાહ આપી દીધી છે.

પીલીભીત લોકસભા બેઠક પર ચૂંટણી લડી રહેલા વરૂણ ગાંધીએ મુસ્લિમોને સલાહ આપી છે કે, ×તમે વોટ આપો કે ન આપો, પરંતુ ચૂંટણી પછી કામ માટે જરૂર આવજો.

વરૂણે અથર નામના એક મુસ્લિમ યુવકને તો ત્યાં સુધી કહી દીધું કે, નાના-મોટા કામ માટે નહીં, પરંતુ તમને દેશના વડાપ્રધાન બનાવીશું.

વરૂણે જણાવ્યું કે, તે મુસ્લિમ વિરોધી નથી. તે નામ જોઈને કામ કરતા નથી, પરંતુ લોકોની મજબૂરી જોઈને કામ કરે છે. હિન્દુ હોય કે મુસ્લિમ દરેકનું કામ કરે છે.

વડાપ્રધાને તમિલનાડુમાં રેલી દરમ્યાન કોંગ્રેસ-ડીએમકે પર આકરા પ્રહારો કર્યા

મહામિલાવટીઓ દેશનો વિકાસ નથી પચાવી શકતા એટલે નારાજઃ મોદી

પિતા દેશનાં નાણાપ્રધાન બને અને દિકરો દેશને લૂંટવાનું કામ કરે, દ્રમુકે નામદારને પીએમ ઉમેદવાર ગણાવ્યા, પરંતુ આ રેસમાં મહામિલાવટી પણ કતારમાં છે

થેની

લોકસભાની ચૂંટણીના બીજા તબક્કાના પ્રચાર દરમિયાન વડાપ્રધાન મોદી અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યાં છે. આજે વડાપ્રધાન મોદી તામિલનાડુના થેનીમાં પહોંત્યા છે, જ્યાં તેમણે એઆઈએડીએમકે સાથે સંયુક્ત રેલી યોજી હતી. રેલીમાં સંબોધન કરતા વડાપ્રધાને કહ્યું, 'આજે ભારત વિશ્વમાં ઝડપથી પોતાનું સ્થાન બનાવી રહ્યું છે, પરંતુ કોંગ્રેસ ડીએમકે અને તેમના મહામિલાવટી મિત્રો આ સ્વીકાર કરી શકતા નથી એટેલે મારાથી નારાજ છે.' વડાપ્રધાન મોદીએ કહ્યું, "હું મહાન એમજીઆર અને જયલલિતાને શ્રદ્ધાંજલી આપું છું. ભારતને આ બંને નેતાઓ પર ગર્વ છે. આજે હું અહીંયા તમને મારા કામનો હિસાબ આપવા આવ્યો છું. આ સાથે જ મહામિલાવટના ભ્રષ્ટાચારનો ખુલાસો કરવા માટે આવ્યો છું. આજે ભારત વિશ્વમાં ઝડપથી પોતાનું સ્થાન બનાવી રહ્યું છે, પરંતુ કોંગ્રેસ- ડીએમ કે અને તેમના મહામિલાવટી મિત્રો આ બાબતનો સ્વીકાર કરી શકતા નથી. એટલે તેઓ મારાથી નારાજ છે." વડાપ્રધાન મોદીએ વધુમાં સ્થાનિક રાજકારણ વિશે કહ્યું, "થોડા દિવસો પહેલાં ડીએમકેના અધ્યક્ષે નામદારને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કર્યા હતા પરંતુ કોઈ તેમને પીએમ કેન્ડિડેટ માનવા તૈયાર નથી. તેમના મહામિલાવટી મિત્રો પણ તેમને પીએમ કેન્ડિડેટ માનવા તૈયાર નથી કારણ કે એ બધા જ પીએમ બનવા માંગે છે." વડાપ્રધાન મોદી અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે કર્ણાટકમાં પણ પ્રચાર કરશે.

મમતા બેનર્જીએ રાહુલ ગાંધીના હેલિકોપ્ટરને ઉતારવાની મંજૂરી ના આપતા સભા રદ્દ

કોલકાત્તા

પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના હેલીકોપ્ટરને ઉતરવાની મંજૂરી આપવાની ના પાડી દીધી છે. રાહુલ ગાંધીના હેલીકોપ્ટરને ઉતરવાની મંજૂરી નહીં મળતા સિલિગુડીમાં થનારી રાહુલ ગાંધીની સભા રદ કરવાની ફરજ પડી છે. આ પહેલા મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગી અને વડાપ્રધાન મોદીને હેલિકોપ્ટર ઉતારવાની મંજૂરી આપવામાં નનૈયો ભણ્યો હતો.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને દાર્જિલિંગ લોકસભા બેઠકના ઉમેદવાર શંકર મલાકારે કહ્યું કે, તેમણે પોલીસ ગ્રાઉન્ડમાં ૧૪ એપ્રિલે રાહુલ ગાંધીનું હેલીકોપ્ટર ઉતારવા માટેની મંજૂરી માંગી હતી, પરંતુ પોલીસે મંજૂરી આપવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. તેમણે કહ્યું કે, 'અમને મંજૂરી નહીં મળવાના કારણે રેલી રદ કરવી પડી છે.'

સેના હંમેશાથી આઝાદ છે,સર્જિકલ સ્ટ્રાઇકથી એમ ન સમજી શકાય કે આતંકવાદ ખતમ થઈ ગયો

જવાબી કાર્યવાહી માટે સેનાના હાથ ક્યારેય બંધાયેલા નહોતાઃ ડી.એસ.હુડ્ડા

ન્યુ દિલ્હી

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકી ઠેકાણાંઓ વિરૂદ્ધ ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈકનું નેતૃત્વ કરનારા લેફ્ટનન્ટ જનરલ (રિટાયર્ડ) ડીએસ હુડ્ડાએ કહ્યું કે મોદી સરકારે સેનાને સીમા પાર હુમલો કરવાની અનુમતિ આપવામા ઘણો મોટો સંકલ્પ દેખાડ્યો છે, પરંતુ સેનાના હાથ પહેલાં પણ બંધાયેલા ન હતા.

ડીએસ હુડ્ડાએ ગોવા ફેસ્ટ કાર્યક્રમને સંબોધતા કહ્યું કે, હાલની સરકાર સરહદ પાર જઈને સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટમાં હવાઈ હુમલાની મંજૂરી આપવામાં નિશ્ચિત રૂપે મહાન રાજનીતિક સંકલ્પ દેખાડ્યો છે. પરંતુ આ પહેલાં પણ ભારતીય સેનાના હાથ બંધાયેલા ન હતા. હુડ્ડાએ કહ્યું કે, સેનાને ખુલી છૂટ આપવા અંગે ઘણી વાતો થઈ છે, પરંતુ ૧૯૪૭થી સેના સરહદ પર સ્વતંત્ર છે, જેઓએ ત્રણ-ચાર યુદ્ધ લડ્યા છે.



હુડ્ડાએ કહ્યું કે, નિયંત્રણ રેખા એક ખતરનાક જગ્યા છે કેમકે જેવું મેં કહ્યું કે તમારા પર ફાયરિંગ થઈ રહ્યું છે અને જમીન પર સૈનિક તેનો તાત્કાલિક જવાબ આપી રહ્યાં છે. તેઓ મને પણ નહીં પૂછે, તો પછી અનુમતિ લેવાનો તો કોઈ સવાલ જ નથી. સેનાને ખુલી છૂટ આપવામાં આવી છે અને આ માટે કોઈ વિકલ્પ જ નથી. આ પહેલાં હુડ્ડાએ સર્જિકલ સ્ટ્રાઈકના વધુ પ્રચાર પર પણ કડક શબ્દોમાં નિંદા કરી હતી. તેઓએ કહ્યું હતું કે સર્જિકલ સ્ટ્રાઈક જરૂર હતી અને અમે લોકોએ કર્યું. મને નથી લાગતું કે તેનો વધુ પ્રચાર થવો જોઈએ. સર્જિકલ સ્ટ્રાઈકથી એમ ન સમજી શકાય કે આતંકવાદ ખતમ થઈ ગયો છે અને પાકિસ્તાન હવે સુધરી જશે, તો આ વાત ખોટી છે.

સેનાને મોટી સફળતાઃ શોપિયામાં જૈશના કમાન્ડર સહિત ૨ આતંકીઓ ઠાર

શોપિયા

જમ્મુ-કાશ્મીરમાં ફરી એક વખત જવાનો અને આતંકીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ હતી. અથડામણ શોપિયાં જિલ્લાના ગહાંદ વિસ્તારમાં થઈ હતી. જવાનોને બે આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી છે. હજી પણ કેટલાક આતંકીઓ છૂપાયા હોવાની જાણકારી મળતા જવાનો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરીને સર્ચ ઓપરેશનને વધુ વેગવંતુ બનાવ્યું છે.

લશ્કરને તેમના વિશ્વાસનીય સૂત્રો દ્વારા તે વિસ્તારમાં કેટલાક આતંકીઓ છુપાયા હોવાની જાણકારી મળી હતી. જાણકારી મળ્યા બાદ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. તેવામાં જવાનો પર આતંકીઓએ ગોળીબાર કરવાનો શરૂ કરી દીધો. જવાનોએ જડબાતોડ જવાબ આપતા બે આતંકીઓને ઠાર કરી દીધા છે.





વધુ બે પ્રોહી. બુટલેગરોને પાસા ધારા તળે અટકાયત કરતી ગાંધીધામ એલ.સી.બી.



પરીક્ષિતા રાઠોડ SP પૂર્વ કચ્છ, ગાંધીધામ નાઓ તરફથી આગામી સમયમા લોકસભાની ચુંટણી યોજનાર હોય જે શાંતિપુર્ણ યોજાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ઇસમો પર પાસા તળે અટકાયતી પગલા લેવા સુચના માટે ડી.બી.પરમાર પીઆઈ એલ.સી.બી.ના માર્ગદર્શન હેઠળ પાસા દરખાસ્ત તૈયાર કરી કલેકટર, કચ્છ-ભુજને મોકલાવતા કલેકટર કચ્છ.-ભુજ દ્વારા પાસા દરખાસ્તા મંજુર કરી વોરન્ટો ઇશ્યુ કરતા નીચે જણાવેલ ઇસમોને પાસા તળે અટક કરી હુકમ મુજબ જેલ હવાલે મોકલી આપવામા આવેલ છે.

૧)શક્તિસિંહ સુખદેવ સિંહ જાડેજા, રહે. વર્ષામેડી, તા.અંજાર - સાબરમતી જેલ અમદાવાદ

૨)હરિસિંહ જોરૂભા વાઘેલા, મૂળ રહે. કીડીયાનગર, તા.રાપર હાલે દબડા, તા.અંજાર - મધ્યસ્થ જેલ વડોદરા

આ કામગીરીમાં એમ. એસ.રાણા પીએસઆઈ, એ.પી.જાડેજા પીએસઆઈ તથા એલ.સી.બી. સ્ટાફનાં પ્રવિણસિંહ પલાસ, હરપાલસિંહ જાડેજા, દલસીંગભાઇ કાનાણી, લક્ષ્મેણભાઇ આહિર, કમલેશભાઇ ઓઝા, પ્રહલાદસિંહ ચુડાસમા, પુષ્પરાજસિંહ ગોહિલ, દેવરાજભાઇ આહિર, બલભદ્રસિંહ જાડેજા, હેતુભા ભાટી જોડાયેલ હતા.

હળવદમાં ચૈત્ર નવરાત્રીની ધામધૂમપૂર્વક ઉજવણી



સમસ્ત જોષીફળી આયોજીત ચૈત્રી આઠમ નીમીતે મા વારાહી માતાજી સાનિધ્યમાં હોમાત્મક હવન તથા મહાપ્રસાદનો ભવ્ય આયોજન કરાયું,

ચૈત્ર સુદ નવરાત્રિ એટલે મા ના ઉપાસકો માટે વિવિધ રીતે માની ઉપાસના કરવામાં આવે છે ત્યારે હળવદ શહેર અને પંથકમાં વિવિધ જગ્યા રે ચૈત્રી નવરાત્રિને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે હળવદના ચરાવડા મુકામે મહાકાળી આશ્રમ ખાતે ધામધૂમપૂર્વક ચૈત્રી નવરાત્રીની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે હળવદના જોશીફળી વિસ્તારમાં સમસ્ત જોષી ફળી અને મહિલા મંડળ દ્વારા ધામધૂમપૂર્વક મા વારાહી નો પાટોત્સવ હોમાત્મક યજ્ઞતથા ભજન અને ભોજનનો ત્રિવેણી સંગમ નો સુંદર મજાનો આયોજન કરવામાંઆવ્યુંહતુંમાં વારાહી પાટોત્સવ માં શાસ્ત્રી કિશોરભાઈ જોશી ના આગેવાનીમાં વહેલી સવારથી વિદવાન બ્રાહ્મણો દ્વારા માતાજીનો હોમાત્મક હવન કરવામાં આવ્યો હતો ત્યારબાદ સાંજે સમૂહ ભોજનનો સુંદર આયોજન કરવામાં આવ્યો હતો આજરોજ ચૈત્રી નવરાત્રિની આઠમ હોવાથી આઠમ નુવિશેષ મહત્વ ધરાવે છેતેથી મહિલા મંડળ દ્વારા આઠમને ભવ્ય તીભવ્ય રીતે ઉજવવામાં આવી હતી અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયુહતો,સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયુ હતુ, ભજન, ભક્તિ, ભોજન નો ત્રિવેણ સંગમ જોવા મળીયો હતા.

દેશને ગૌરવ બક્ષવા ભાજપને ૨૬ સીટ પર જંગી લીડ અપાવવા ગુજરાત કચ્છનો સંકલ્પ: વિનોદ ચાવડા



ભુજ: ભાજપાના લોક સભા પ્રત્યાશી અને વર્તમાન સાંસદ વિનોદભાઈ ચાવાડાએ આજે ભુજ તાલુકાના કેરા-બળદીયા, સૂરજપર, કોટડા, વરલી, થરાવડા, કુકમા અને ભૂજોડી વિસ્તારમાં લોક સંપર્ક કરતાં ગામે ગામમાં ખુબ જ મોટી સંખ્યામાં લોકોએ આવકાર્યા હતા.અને ભારત માતાકી જયના નારાઓ ગુજયા હતા.

વિપક્ષની નકારાત્મકતાની સામે વિકાસની હકારાત્મકતા દર્શાવતા વિનોદભાઈ ચાવડાએ જણાવ્યુ હતુ કે, કેન્દ્રની ભાજપ સરકારે તમામ ક્ષેત્રોમાં, દરેક દિશામાં-યુવાન, મહિલા, ખેડૂતો, વ્યવસાયકારો, સૈનિકો અને ગરીબો માટે કરેલા અભૂતપૂર્વ કામોની સફળતાને ભૂલાવવા માટે વિરોધ પક્ષો નકારાત્મકતાનું વાતાવરણ તૈયાર કરે છે.જે લોકો પોતે જ કોંગ્રેસનો વિરોધ કરી રાજનીતીમાં જન્મયા છે.તેવા પક્ષો સ્વાર્થ અને સતા માટે કોંગ્રેસ સાથે છે.તે લોકોનો ઉદેશ્ય માત્રને માત્ર એટલો જ છે કે ભાજપાની મજબૂત અને પ્રમાણિક સરકારને સતાથી દૂર કરવી.

સમગ્ર દેશમાં નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્ર ભક્તિ અને પ્રામાણિકતા માટે આ દેશના પ્રત્યેક નાગરિકોને માન અને સન્માન છે. ભાજપ કલ્પનાતીત બેઠકો સાથે વિજયી થવા કટિબધ્ધ છે. ત્યારે આવો આપણે સૌ વિપક્ષની નકારાત્મકતા અને નકારાત્મક પ્રચારને જનતા જનાર્દન સામે ઉજાગર કરીએ.અને સુશાસનને પુનઃ સ્થાપિત કરવાનો સંકલ્પ લઈએ.

રાષ્ટ્રવાદ પ્રત્યે સરકાર સંપૂર્ણપણે કટિબધ્ધતાની સાથે આંતકવાદ નાબૂદી, આતંકવાદી હુમલાની સ્થિતિમાં જવાબી કાર્યવાહી, કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારવાના સંકલ્પ સાથે ફરીથી ભારતનું સુકાન અડગ, અટલ, નેતૃત્વ કરનાર ભારતને વિશ્વગુરૂ પદે સ્થાપવાના નિર્ધાર સાથે એક ભારત શ્રેષ્ઠ ભારતના મંત્રને અપાવનાર દિવ્યદ્રષ્ટા નરેન્દ્રભાઈ મોદીને દેશનું સુકાન સોંપવા ભાજપાને મત આપવા વિનોદ ચાવડાએ અપીલ કરી હતી.

જયારે રાજયમંત્રી વાસણભાઈ આહિરે ગઈ કાલે ગૃહમંત્રિ રાજનાથસિંહએ વિનોદભાઈ માટે ૨૪ કેરેટના ઉમેદવાર ગણાવ્યા હતા. તે દોહરાવતા વર્તમાન સમયની માંગને ભ્રષ્ટાચારીઓ, આંતકવાદને સમર્થન આપનારાઓ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈને 'ચોકીદાર ચોર હૈ' કહી અપમાન કરનારાઓને જાકારો આપવા તથા રાષ્ટ્રવાદને ઉજાગર કરતા પક્ષ ભાજપાને વિનોદ ચાવડાને જંગી મતોની લીડથી વિજયી બનાવવા આહવાન કર્યુ હતું.અને ભારતીય અર્થવ્યવસ્થાને રોકેટ ગતિથી વિકસિત કરનાર ભાજપાને દેશભરમાં મળી રહેલ સમર્થનમાં આપણે પણ સહભાગી બનીએ તેમ જણાવ્યુ હતું.

આજરોજ તેમની સાથે પ્રવાસમાં અલગ અલગ ગામોમાં સ્થાનિક લોકો, લોક પ્રતિનિધિઓ ભાજપા સમર્થક ભીમજીભાઇ જોધાણી, હીરાભાઇ જાટિયા, ધનજીભાઇ ભૂવા, નિયતિબેન પોકાર, હિતેશભાઈ ખંડોર, સજુભા જાડેજા, વીજુભા જાડેજા, દિનેશભાઈ આયડીયા, હરીશભાઈ ભંડેરી, જેંલભાઈ રબારી, વાલુબેન બડગા, આદમભાઈ જત, આનંદભાઈ ઠક્કર, લક્ષ્મીબેન મંગેરિયા, ભરતભાઇ ગોર, કપિલ ઠક્કર, હરીશ કેરાઈ,નવીન પાચાણી, મદનગિરિ ગોસ્વામી, તુલસાબેન વાઘજીયાણી, અમૃતલાલ દરજી, મંજુલાબેન દરજી, બ્રિજેશ ગોસ્વામી,જીતેન્દ્ર ગોસ્વામી, ગોવિંદ કારા જેસાણી, શામજીભાઇ મહેશ્વરી રમેશભાઈ લાલજી, મનજીભાઈ વિઝોણા, ઈસ્માઈલ જુમા, નિરંજન ગરવા, મામદભાઈ ખોજા, મમુભાઈ આહીર,કંકુબેન વણકર, ભાનુબેન પરમાર, શોભનાબેન ટાંક,દેવરાજ આહીર, ભાવનાબેન પરમાર, નરેશ ઠક્કર, દિનેશ મારાજ, અરવિંદ આહીર, જયંત ઠક્કર વિગરે હાજર રહ્યા હતા.

માયાવતીનો રાજવી ઠાઠ!,અજિતસિંહે પગરખાં ઉતારીને સ્ટેજ પર ચઢવું પડ્યું



ન્યુ દિલ્હી

ગત લોકસભા ચૂંટણીમાં માયાવતીની પાર્ટી BSP ભલે એક પણ બેઠક જીતી શકી ન હતી. છતાં, આ વખતની લોકસભા ચૂંટણીમાં માયાવતી **SP-BSP-RLD** ગઠબંધનનો મુખ્ય ચહેરો બનીને સામે આવી છે. મહાગઠબંધનની રેલીઓ, કાર્યક્રમોને લઈને સ્ટેજ પર કોણ ક્યાં બેસશે, કોણ ક્યારે બોલશે આ બધું માયાવતી નક્કી કરે છે. એક રીતે જોઈએ તો માયાવતી આ ગઠબંધનનું કેન્દ્ર બની છે. ગઠબંધનમાં માયાવતીનો આ પ્રભાવ છે જેને લીધે મંચ શેર કરવા માટે RLD ચીફ અને પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણસિંહના પુત્ર અજિત સિંહે પગરખાં ઉતારીને સ્ટેજ પર ચઢવું પડ્યું હતું.

પહેલા તબક્કાના ચરણ પહેલા સહારનપુરના દેવબંદમાં થયેલી મહાગઠબંધનની પેલીમાં માયાવતીના પ્રોટોકોલથી એક પળ માટે તો અજિત સિંહ હેરાન થઈ ગયા હતા. અજિત સિંહ જેવા માયાવતી અને અખિલેશ યાદવની પાછળ ચાલીને મંચ પર જવાની કોશીશ કરી ત્યારે BSPના એક કો-ઓર્ડીનેટરે અજિત સિંહને પગરખાં કાઢીને ત્યારબાદ મંચ પર આવવાં માટે કહ્યું હતું. તેમણે અજિતસિંહને કહ્યું કે માયાવતીને પસંદ નથી કે કોઈ તેમની સામે પગરખાં પહેરીને બેસે, સિવાય પોતાના..

૨૦૧૪ લોકસભા ચૂંટણીમાં BJP ના સત્યપાલ સિંહના હાથે માત ખાનારા અજિતસિંહ આ વખતે મુઝ્ઝફરનગરથી મહાગઠબંધનના ઉમેદવાર છે અને દલિત મતો માટે માયાવતી પર આશ્રિત છે. એવામાં માયાવતીને પ્રોટોકોલને માનવાની તેમની મજબૂરી હતી. તેમણે પોતાના પગરખાં કાઢીને મંચ પર જવા માટે મજબૂર થવું પડ્યું હતું.

કોમ્બિગ નાઈટ દરમ્યાન તડીપાર ઈસમને પકડી પાડતી ગાંધીધામ એલ.સી.બી.



રીક્ષિતા રાઠોઠ SP પૂર્વ કચ્છ, ગાંધીધામનાઓ તરફથી આગામી સમયમા લોકસભાની ચુંટણી યોજનાર હોય જે શાંતિપુર્ણ યોજાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુથી કોમ્બિગ નાઈટ દરમ્યાન તડીપાર ઈસમો ચેક કરી મળી આવ્યે કાયદેસર કરવા સૂચના મળેલ હોય એલ.સી.બી પૂર્વ કચ્છની ટીમ કાર્યવાહી માટે પ્રયત્નશીલ હતી.

તે દરમ્યાન તડીપાર ઈસમ મનસુખ ખેતા કોળી (રહે. ખીજડિયા વાંઢ. ભીમાસર તા રાપર)વાળો પોતાની વાડી ઉપર હાજર છે.તેવી હકીકત મળતા મજકુર ને ચેક કરતા હાજર મળી આવેલ હોય મજકુર મહે એસ.ડી.એમ. ભચાઉના હુકમ અન્વયે અત્રેના જિલ્લામાંથી બે વરસ માટે હદપાર કરાયેલ હોય તેમ છતાં હાજર મળી આવતા મજકુરે જી.પી.એકટ.કલમ ૧૪૨ મુજબ ગુનો કરેલ હોય કાયદેસર ની કાર્યવાહી કરી આડેસર પો.સ્ટે.ને વધુ કાર્યવાહી માટે સોંપેલ છે.

આ કામગીરીમાં એમ. એસ.રાણા પીએસઆઈ તથા એલ.સી.બી. સ્ટાફનાં હરપાલસિંહ જાડેજા, દલસીંગભાઈ કાનાણી, મહેન્દ્રસિંહ.બી.જાડેજા જોડાયેલ હતા.

મોબાઈલ સ્નેચિંગ કરનાર ગેંગનો પર્દાફાશ, ૩ની ધરપકડ

સુરત

સુરત શહેરમાં રાહદારીઓને નિશાન બનાવીને મોબાઈલ સ્નેચિંગ કરનાર ગેંગના ત્રણ સાગરિતોને અઠવા પોલીસે ઝડપી પાડયા હતા. જેઓની પાસેથી પોલીસે રૂપિયા ૭.૭૪ લાખની કિંમતના ૮૬ નંગ મોબાઈલ મળી આવ્યા હતા. તેમની પૂછપરછ કરતા કુલ સાત ગુનાઓ કર્યા હોવાની તેમણે કબૂલાત કરી છે.

અઠવા પોલીસને બાતમી મળી હતી કે, રાહદારીને નિશાન બનાવી મોબાઈલ સ્નેચિંગ કરનારી ગેંગ ભાગાળતાવ પાસે ફરી રહી છે. જે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને આ ગેંગના ત્રણ સાગરિતોને ઝડપી પાડયા હતા. જેઓની પાસેની તપાસ કરતા તેમની પાસેથી મોબાઈલો મળી આવ્યા હતા. જે અંગે પુછપરછ કરતા પોલીસે રૂપિયા ૭.૭૪ લાખની કિમતના ૮૬ નંગ મોબાઈલ કબ્જે કર્યા હતા.

પોલીસ પુછપરછમા તેઓએ પોતાના નામ વીજય નૈયારણ, અંકિત રાય તથા મોહમદ સાયકલવાલા જણાવ્યુ હતુ. પોલીસ પુછપરછ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે, અંકિત અને વિજય બંને રાહદારીઓને નિશાન બનાવતા હતા. અને બાદમા ચોરીના મોબાઈલ તેઓ મોહમદ સાયકલવાલાને વેચી દેતા હતા.

ચૂંટણી પછી વડાપ્રધાન મોદી ચાની દુકાન ખોલી ભજીયા વેચશેઃ બદરૂદ્દીન અજમલ

ન્યુ દિલ્હી

ચૂંટણીના વાતાવરણમાં એમ લાગી રહ્યું છે કે અનેક નેતાઓની જીભ લપસી રહી છે. નેતાઓ અનેક વખત શરમજનક વાતો કરતા હોય છે. તાજેતરનું વિવાદિત નિવેદન બદરૂદ્દીન અજમલનું છે. તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે અશોભનીય વાતો કરી છે.

આસામના ચિરાંગમાં બદરુદ્દીને કહ્યું હતું કે તમામ વિપક્ષો મળીને મોદીને દેશમાંથી બહાર કાઢશે અને પછી તેઓ કોઈ ખૂણામાં જઈને ચાની દુકાન ચલાવશે અને સાથે પકોડા પણ વેચશે.

અજમલે ૧૨ વર્ષ અગાઉ ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (એઆઈયુડીએફ) બનાવ્યું હતું અને તેઓ આસામના ધુબરીથી સાંસદ છે. આ અગાઉ હોશંગાબાદથી ભાજપના સાંસદ ઉદય પ્રતાપ સિંહે પણ વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. તેમણે રાહુલ ગાંધી પર ટિપ્પણી કરતા કહ્યું હતું કે 'દુનિયાના કોઈ પણ દેશમાં વાત ચાલતી હોય તો પહેલા લોકો કહેતા હતા કે ક્યાંથી આવ્યા છે. તો જવાબ મળતો ભારત, ત્યારે તેઓ કહેતા અરે આ તો ચોરોનો દેશ ભારત અને આજે દુનિયામાં કોઈ દેશમાં ભારતની વાત થાય તો લોકો કહે છે મોદીનું ભારત. મોદી એવા વડાપ્રધાન છે જેમણે દેશનું ગૌરવ વધાર્યું છે.

રાજ ઠાકરેને બીજાના લગ્નમાં નાચવાનો શોખ : ફડણવીસ



મુંબઈ

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે પર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વડાપ્રધાન મોદીની ટીકા કરવા બદલ આકરા પ્રહારો કર્યા છે. ફડણવીસે જણાવ્યું હતું કે રાજ ઠાકરે બીજાના લગ્નમાં નાચી રહ્યા છે. શનિવારે દેવેન્દ્ર ફડણવીસે નાંદેડમાં જાહેરસભામાં રાજ ઠાકરે પર કટાક્ષ કર્યો હતો. આ ઉપરાંત તેમણે રાજ ઠાકરેના પક્ષ મનસે (MNS)ની મજાક ઉડાડતા તેને 'ઉનસે' (ઉમેદવારો છોડેલી સેના) ગણાવી હતી. ફડણવીસ આટલેથી જ અટક્યા ન હતા અને કહ્યું હતું કે રાજ ઠાકરે ચૂંટણી લડી રહ્યા નથી ત્યારે બેગાની શાદીમાં અબ્દુલ્લા દીવાના છે.

અગાઉ શુક્રવારે મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ નાંદેડમાં એક રેલીમાં વડાપ્રધાન મોદી અને મહારાષ્ટ્ર મુખ્યમંત્રી ફડણવીસ પર પ્રહારો કર્યા હતા અને મહારાષ્ટ્રમાં દુકાળની સ્થિતિ બદલ ટીકા કરી હતી. રાજ્યને પાણીની જરૂર હતી ત્યારે ગોદાવરી નદીનું પાણી ગુજરાત તરફ વાળી દીધું હોવાનો આક્ષેપ પણ રાજ ઠાકરેએ કર્યો હતો. રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે ફડણવીસ માત્ર આયાતી મુખ્યમંત્રી છે.

ફડણવીસે આ મામલે રાજ ઠાકરે પર વળતો પ્રહાર કર્યો હતો અને જણાવ્યું કે રાજ ઠાકરેને ચૂંટણી લડવી નથી એટલે તેઓ પુરાવા વગર ઈચ્છા મુજબ બોલી શકે છે. પ્રજાએ રાજ ઠાકરેનું અસ્તિત્વ મટાડીને તેમને ઘરે બેસાડી દીધા છે.

'અગાઉ અશોક ચવાણ રાજ ઠાકરે લોકોને ડરાવતા હોવાનું રટણ કરતા હતા જયારે હવે તેમણે રાજ ઠાકરેને પ્રચાર માટે ભાડે લીધા છે. ચવાણ માટે સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે કે તેમણે લોકોને ભાડે લેવા પડે છે,'' તેમ ફડણવીસે રેલીમાં જણાવ્યું હતું.

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતી નિમિત્તે 'બંધારણ બચાવો' યાત્રા

બાબા સાહેબની ૧૨૮'મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાશે

સુરત

ભારતરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકર ૧૨૮મી સાર્વ.જન્મ જયંતી સમિતિની એક અગત્યની મીટિંગ દલિત સમાજના સિનિયર એડવોકેટ રાજુભાઈ શિરસાઠનાં અધ્યક્ષ સ્થાને ડૉ. આંબેડકર ભવન માનદરવાજા, રિંગરોડ સુરત ખાતે મળી હતી. જેમાં સર્વાનુંમતે એક ઠરાવ દ્વારા ૧૪ એપ્રિલના રોજ નીકળનાર બંધારણ બચાવ લોકશાહી બચાવ યાત્રામાં ઉપસ્થિત રહેવા બાબતનો ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો. મીટિંગને સંબોધિત કરતા ડૉ. બાબા સાહેબ આંબેડકર ૧૨૮મી સાર્વ.જન્મ જયંતી કન્વીનર સમિતિના અગ્રણી અને નિમંત્રક સુરેશભાઈ સોનવણેએ જણાવ્યું હતું કે, ૧૪ એપ્રિલ ૨૦૧૯ના રોજ દર વર્ષની આ વર્ષે પણ બિનરાજકીય રીતે ઉજવનાર આ ભીમ જયંતી પ્રસંગે પોત પોતાના રાજકીય મતભેદો ભૂલી ડૉ. બાબા સાહેબ આંબેડકરજીએ સમગ્ર ભારતીય સમાજ માટે જે અમૂલ્ય એવા લોકશાહી મૂલ્યોનો જતન કરનાર ''બંધારણ તા.૨૬ જાન્યુ.૧૯૫૦ના રોજ તાત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદજીને અર્પણ કરતા જણાવેલ કે ધર્મ-જાતિ-પંથ કરતા સૌથી કોઈ ઉપર હોય તો મારા દેશ ભારત છે. વીઆર ઈન્ડિયન્સ ફર્સ્ટલી અને લાસ્ટલી આ સૂત્રને સાકાર કરવા ભારત વર્ષ અને અભિવ્યક્તિ સ્વતંત્રતા માટે બંધારણ બચાવ લોકશાહી બચાવ યાત્રામાં હજારોની સંખ્યામાં જોડાવા હાર્દિક અપીલ કરી હતી. મીટિંગમાં સર્વ કાશીનાથ શિરસાઠ, રાજેશભાઈ સૂર્યવંશી, મોતીલાલ સાળુંકે, ભીમરાવ સેંદાણે, સુનિલ વાલ્હે, મધુસુદન ગવઈ, નામદેવ ઝાલ્ટે, સુભાષ ઝાડે, ગોવિંદ પિંપળીસ્કર, શાંતારામ નિકમ, મનોજ આહીરે વગેરે આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ચૈત્રી નવરાત્રી દરમિયાનની આઠમ નિમિત્તે માતાજીના મંદિરોમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી છે. અઠવાલાઈન્સ અંબિકા નિકેતન મંદિરમાં આઠમ નિમિત્તે માતા જગદંબાને છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો છે અને માતાજીના દર્શન અર્થે ઉમટી પડેલા શ્રદ્ધાળુઓ તસ્વીરોમાં નજરે પડે છે.

સાપુતારામાં વાતાવરણ પલટાયું, કમોસમી વરસાદથી ઠંડક પ્રસરી



સાપુતારા

એક બાજુ ગુજરાત આખું ધગધગતા તાપમાં તપી રહ્યું છે ત્યારે દક્ષિણ ગુજરાતના હિલ સ્ટેશન ગણાતા સાપુતારામાં કમોસમી વરસાદ પડ્યો હતો. અચાનક પડેલા વરસાદી ઝાપટાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી જેનાથી લોકોએ ગરમીમાં રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, બીજી તરફ ખેડૂતોમાં ચિંતાનું મોઝું ફરી વળ્યું હતું.

મળતી માહિતી પ્રમાણે દક્ષિણ ગુજરાતના પ્રવાસન સ્થળ સાપુતારામાં શનિવારે બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો થયો હતો. ત્યારબાદ અચાનક કમોસમી વરસાદી ઝાપટું પડ્યું હતું. જેના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ધગધગતા તાપ વચ્ચે વરસાદી ઝાપટું પડવાથી લોકોએ ગરમીમાં રાહતનો શ્વાસ લીધો હતો. તો બીજી તરફ ખેડૂતોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. પોતાના પાકને મોટું નુકસાન થવાની ભીતીના પગલે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. ધીમે ધીમે ગુજરાતમાં ગરમી વધતી જાય છે. ગુજરાતમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીને પાર કરી ગયું છે. ત્યારે આજે શનિવારે ગુજરાતનું સૌથી ગરમ શહેરમાં અમદાવાદનો સમાવેશ થાય છે. બીજી તરફ ઉત્તર ગુજરાતના સાબરકાંઠામાં આગામી ૧૪-૧૫એ કેટલીક જગ્યાએ સામાન્ય વરસાદ પડવાની આગાહી હવામાન ખાતાએ કરી હતી.

આંગડિયા પેઢી પર આઈટીના દરોડા, ૮ કરોડથી વધુ રોકડ જપ્ત

રાજકોટ-સુરત

ચૂંટણીને પગલે રાજ્યમાં મોટાપાયે રોકડની હેરફેર પકડવા ઈકમટેક્સ વિભાગે શહેરના હરગોવન અંબાલાલ, માધવલાલ મગનલાલ અને રાજકોટની આર.સી. એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢી પર પાડેલા દરોડામાં રોકડ સહિત ૮.૧૧ કરોડની મતા જપ્ત કરી છે. ઈકમટેક્સ વિભાગની અમદાવાદ, સુરત, ગોધરા, રાજકોટ સહિતના શહેરોમાં ચાર આંગડિયા પેઢીની ઓફિસો પર દરોડા પાડી કરોડોની બિનહિસાબી રોકડ જપ્ત કરી છે.

દરોડામાં અંદાજે ૩ કરોડની કિંમતના સોના-ચાંદીના દાગીના જપ્ત થયા છે. જાણીતા ઓપરેટર સંજય ટીકરેવાલને ત્યાંથી પણ ૪૬ લાખ રોકડા જપ્ત કરાયા છે અને કરોડોની એન્ટ્રીની વિગતો પણ મળી છે. સંજયની નવરંગપુરા ઓફિસમાં પણ સિઝન હોલીડેઝના કામકાજની તપાસ હાથ ધરવામાં આવી હતી.જ્યાંથી રોકડ તેમજ ઝવેરાત જપ્ત કરાયા છે.

આઈટી વિભાગે ૧૦ લોકર જપ્ત કર્યા છે. તપાસ ચાલતી હોવાથી મોટા પાયે કરચોરી મળે તેવી શક્યતા છે. આર.સી. એન્ટરપ્રાઈઝમાંથી ૧.૧૪ કરોડ રોકડ, દીવ-દમણમાંથી ૭.૫૦ લાખ તેમજ દાદરા અને નગર હવેલી ખાતેથી ૫ લાખની રોકડ મળી આવી છે.

મુખ્યમંત્રીએ અલ્પેશ ઠાકોરની ભાજપમાં જોડાવાની ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂક્યું

મનમોહનસિંઘ બોલે ત્યાં સુધીમાં તો આતંકવાદી બીજા ધડાકા કરી દેતા: સીએમ રૂપાણી



મેઘરજ

મુખ્ય મંત્રી વિજય રૂપાણી શનિવારે સવારે અરવલ્લીના મેઘરજ પહોંચ્યા હતા. ત્યાં તેમણે સાબરકાંઠા લોકસભા બેઠક માટે પ્રચાર કર્યો હતો. ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ માટે પ્રચારઅર્થે આવેલા મુખ્ય મંત્રી રૂપાણીએ મંચ પરથી પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘની નકલ કરી હતી. તેમણે પૂર્વ વડાપ્રધાન વિશે એવું નિવેદન પણ આપ્યું હતું કે મનમોહનસિંહ એટલું ધીમું બોલતા ત્યાં સુધીમાં આતંકવાદી ધમાકા કરીને નીકળી જતા

મુખ્યમંત્રીએ મંચ પરથી કહ્યું,'' મરદની મૈયતમાં જવાય નમાલા લોકો ભેગું ન જવાય. તમે એક હરફ ઉચ્ચાર નહોતી. હમ દેખતે હે.. હમ સોચતે હે.. મનમોહનસિંઘ આવું ધીમું ધીમું બોલતા ત્યાં તો બીજા ધડાકા થઈ ગયા હોય. આ ત્રાસવાદીઓ આલ્યા માલ્યા જમાલ્યાઓ આપણે ટાપલા મારતા ગ્યા. તમારી આ હિમ્મતવગરની નીતિઓના કારણે તેમનું જોર વધતું ગયું.'' ઉલ્લેખનીય છે કે વિજય રૂપાણી પાછળા ઘણા દિવસોથી રાજ્યભરમાં એવા નિવેદનો આપી રહ્યાં છે, કે જો ભાજપ હારશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફુટસે અને કોંગ્રેસ જીતશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફુટશે.

અલ્પેશ ઠાકોરે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે. તે બાદ ચર્ચાઓ થઈ રહી હતી કે અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાઈ શકે છે, પરંતુ પોતે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂક્યું છે.

અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાશે કે નહીં? આ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, અલ્પેશ ઠાકોરની ભાજપમાં જોડાવાની કોઈ વાત નથી. અલ્પેશ ઠાકોરે પણ નિવેદન કરેલું છે અને અમારી સાથે પણ કોઈ વાત થઈ નથી. અલ્પેશ જ નહીં ઘણા લોકો કોંગ્રેસથી નારાજ છે અને પોતાની નારાજગી દેખાડી રહ્યાં છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાર્યક્રમમાં અરવલ્લીના જિલ્લા કોંગ્રેસ મંત્રી કનુભાઈ ઠાકોરે ભાજપમાં જોડાયા હતા. મેઘરજમાં સીએમ રૂપાણીની ઉપસ્થિતીમાં કોંગ્રેસના ૮ કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા હતા.

મારામારી કરનાર ભાજપ-કોંગ્રેસના ૧૫ કાર્યકરોની ધરપકડ



સુરત

૪થી એપ્રિલના રોજ ભાજપ અને કોગ્રેસના બંને ઉમેદવારો પોતાના કાર્યકરો સાથે સુરત બેઠક પરથી ઉમેદવારી નોંધાવવા કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. જ્યા કલેકટર કચેરીની અંદર ગાડી જવા દેવા બાબતે બંને પક્ષો વચ્ચે તુ તુ મે મે થઇ હતી. જોતજોતામા મહિલા કાર્યકરો દ્વારા એકબીજા સાથે મારામારી પર ઉતરી આવ્યા હતા બંને પક્ષોના કાર્યકરો પણ બાદમા છુટ્ટા હાથની મારામારી કરી હતી.

અંદાજિત બે કલાક સુધી ચાલેલા ફિલ્મી ડ્રામા બાદ પોલીસે મામલો થાળે પાડયો હતો. જો કે બાદમા બંને પક્ષોના કાર્યકરોએ સામસામે ઉમરા પોલીસ મથકમા મારામારીની ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે મોડી રાતે ભાજપના અભિ ઠાકર, જૈનિશ , મૌનિલ ઠાકર, પ્રવિણ મોરડિયા અને સંગીતા પટેલની ધરપકડ કરી હતી. જ્યારે કોગ્રેસના મેઘના પટેલ, કપિલા પટેલ, છાયાબેન,રંજન, લીપ્પાબેન, જયશ્રીબેન, સુધાબેન, કાજલ , પુષ્પાબેન અને જયોતિબેન બોરિયાની ધરપકડ કરવામા આવી હતી.



લોકસભાની ચૂંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે ભાજપના નેતાઓએ પ્રવેશવું નહી તેવા સુરતનાં કરંજ વિસ્તારમાં બેનર લાગ્યાં હતાં. કરંજના સીતારામ,હરિધામ, વિવેકાનંદ, જેવી સોસાયટીઓમાં ઠેર ઠેર ભાજપ વિરોધી બેનરો લાગ્યાં હતાં. સોસાયટી વાસીઓએ ભાજપના વિરોધમાં લગાવેલા બેનરોમાં ઉભરાતી ગટરો, નિયમિત સાફ પીવાનું પાણી, ડોર ટુ ડોર કચરાની ગાડી, સ્વચ્છ રોડ રસ્તા, જેવી સમસ્યાનો નિકાલ કરવામાં નહિ આવતાં સોસાયટીવાસીઓએ જ્યાં સુધી સમસ્યાનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી આ વિસ્તારની સોસાયટીઓમાં ભાજપના નેતાઓએ મતની ભીખ માંગવા આવવું નહિ જેવા લખાણ લખવામાં આવ્યા છે.

નહેરુ-ઈન્દિરાને ગાળો ભાંડનારા મોદીજી તેમની જ નકલ કરે છે : રાજ ઠાકરે

મુંબઇ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરી ટિપ્પણી કરી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ શુક્રવારે કહ્યું કે 'વડાપ્રધાન' શબ્દ સૌપ્રથમ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આપ્યો હતો. તમે નહેરુ અને ઈન્દિરા ગાંધીને ગાળો આપી રહ્યા છો પણ તમે પણ તેમની નકલ કરી રહ્યા છો.

તેમણે કહ્યું હતું કે નવી દિલ્હીના નહેરુ મેમોરિયલમાં એક પાટ લગાવવામાં આવી છે જેના પર પંડિત નહેરુના હવાલાથી લખવામાં આવ્યું છે કે આ દેશની જનતા અમને વડાપ્રધાન નહીં પરંતુ પ્રથમ સેવક કહે પરંતુ તેમણે (મોદી)એ માત્ર 'પ્રથમ સેવક'ને બદલીને 'વડાસેવક' કરી દીધું.

રાજ ઠાકરેએ કહ્યું કે તમે નહેરુ અને ઈન્દિરા ગાંધીને ગાળો આપતા રહો છો પણ તમે તેમની નકલ પણ કરો જ છો. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન તમે દરેક મુદ્દા પર માત્ર ખોટુ બોલ્યા છો. તેમણે મોદીનો કેટલાક આક્ષેપો નકારી કાઢ્યા હતા કે કોંગ્રેસના પરિવારથી કોઈ પણ જેલમાં જઈને ભગત સિંહને મળ્યા ન હતા જ્યારે તેઓ સ્વતંત્રતા લડાઈ દરમિયાન ફાંસીની સજાનો સામનો કરી રહ્યા હતા.

ઠાકરેએ મોદીના ભૂતકાળના ભાષણો રજૂ કર્યા અને ત્યારબાદ પોતાના આ તર્કને પુરવાર કરવા માટે એક જૂના સમાચાર પત્રની ક્લિપ પણ રજૂ કરી કે હકીકતમાં નહેરુ ભગત સિંહને બે વખત જેલમાં મળવા ગયા હતા.

આંબેડકર જયંતી નિમિત્તે અડાજણ વિસ્તારમાંથી રેલી નીકળશે

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઉજવણીમાં જોડાવા જાહેર અપીલ

સુરત

તા.૧૪-૪-૨૦૧૯ને રવિવારના રોજ ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતી નિમિત્તે ફુલહાર વિધિ અને રેલીનો રૂટ સ્નેહ સંકુલ વાડીથી રિંગરોડ થઈને રેલવે સ્ટેશન પાસે સાંજે ૪.૩૦ કલાકે મહારેલી નગર યાત્રામાં આપણે સામેલ થઈશું અને મહારેલી રેલવે સ્ટેશન થઈ ભાગળ, નવસારી બજાર રોડ, માનદરવાજા રિંગરોડ ઉપર પહોંચી ફુલહાર વિધિ કરાશે. આ મહારેલીમાં સર્વે ભાઈ બહેનોએ બહોળી સંખ્યામાં હાજર રહેવા વિનંતી છે. તેમજ માનદરવાજા ભારતરત્ન ડૉ. આંબેડકરની પ્રતિમાને ફુલહાર વિધિ કરવા હાજર રહેવા વિનંતી છે.



તા.૧૪' એપ્રિલ ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવશે. બાબા સાહેબની જયંતીની ઉજવણીની તૈયારી રૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા રિંગરોડ સ્થિત બાબા સાહેબની પ્રતિમાને સ્વચ્છ કરવામાં આવતી હોવાનું તસ્વીરમાં જણાય છે.

તંત્રી સ્થાનેથી...

સ્વચ્છ નીતિ જરૂરી છે

રાજનીતિમાં જેટલી શુચિતા, સ્વચ્છતા અને અને શિસ્તની વાત કરવામાં આવે છે તેટલી વાત અન્ય કોઈ ક્ષેત્રમાં કરવામાં આવતી નથી. જો કે જેટલી વાત સ્વચ્છતાની કરવામાં આવે છે તેટલી ગંદકી રાજનીતિમાં ફેલાઈ રહી છે.ચૂંટણી નજીક આવે ત્યારે તો રાજનેતા તમામ બાબતોને ભુલી જાય છે. રાજનેતા મંચ પરથી ભ્રષ્ટાચારને રોકવા અને અપરાધીઓની સતત ઝાટકણી કાઢતા રહે છે. મંચ પરથી અપરાધીઓને કઠોર સજા કરવાની વાત કરતા રહે છે. બીજી બાજુ અપરાધીઓને મંચ પર બોલાવતા પણ રહે છે. તેમનુ સન્માન કરવામાં પણ પાછળ રહેતા નથી. હવે નવો વિવાદ છેડાઈ ગયો છે. રાજનીતિમાં અપરાધીઓને આશ્રય આપવાની બાબત કોઈ નવી બાબત નથી પરંતુ મુજફ્ફરનગર, બરોડ, માલેગાવ, ગાજિયાબાદ હોય કે પછી હાપુડ હોય દરેક જગ્યાએ ભીડના હુમલામાં મોટી સંખ્યામાં લોકોના મોત ભુતકાળમાં થયા છે. દોષિતો અને અપરાધીઓની સામે કાર્યવાહી કરવામાં આવ્યા બાદ તેમને બચાવી લેવા માટે તમામ રાજકીય પક્ષો મેદાનમાં ઉતરી પડે છે. એકબીજા પર આરોપ પ્રતિ આરોપોનો સિલસિલો શરૂ કરી દેવામાં આવે છે. આ બાબત કોઈ પણ વ્યક્તિ અથવા તો પાર્ટી જોતી નથી કે જો અપરાધ થયો છે તો દોષિતોને સજા કરીને સમાજમાં સારા સંદેશા પહોંચાડી દેવા માટેના પ્રયાસ કરવામાં આવે. તમામને એકમત થવાની બાબત દેખાતી નથી. તમામ લોકો અપરાધની આડમાં રાજનીતિ રમતા નજરે પડે છે. આ જ કારણ છે કે ગૌરક્ષા, બાળક ચોરી, લવ જેહાદ, બળાત્કારના મામલા અને ડાયન પ્રથા જેવી બાબતોમાં ભીડ પોતાના હાથમાં કાયદા લઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાંથી આ પ્રકારની ઘટનામાં રેકોર્ડ વધારો થઈ ગયો છે. અપરાધ થતાની સાથે જ અપરાધીઓના સંરક્ષક સપાટી પર આવી જાય છે. જ્યારે ભીડ જ ન્યાય કરવા લાગી જશે તો દેશમાં કાયદાની જરૂર શુ રહી જશે. કેન્દ્ર અને રાજ્ય સ્તર પર કેન્દ્રિય ગૃહ મંત્રાલયની શુ જરૂર છે. પોલીસ અને સુરક્ષા દળો કેમ છે. ન્યાયાલય કેમ છે. કારણ સાફ છે કે રાજનીતિના ધ્રુવીકરણના કારણે સમાજવા વર્ગો વિભાજિત થઈ રહ્યા છે. વોટ માટે સમાજને ધર્મ, જાતિ વિષેશ આધારિત વિભાજિત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. અપરાધી ક્યા વર્ગની સાથે જોડાયેલો છે તે ક્યાં ધર્મની સાથે જોડાયેલો છે તે બાબતને ધ્યાનમાં લેવામાં આવે છે. કઈ પાર્ટી સાથે જોડાયેલો છે તે બાબત પણ જોવામાં આવે છે. રાજસ્થાન હાઈકોર્ટને હાલમાં આદેશ આપવો પડ્યો છે કે એફઆઈઆરમાં જાતિનો ઉલ્લેખ કરવામાં ન આવે. આવુ ચોક્કસપણે થવુ પણ જોઈએ નહી. ભારતીય ચૂંટણી પંચને પણ દેશની મતદાર યાદીમાંથી જાતિની કોલમને દુર કરી દેવા માટે પ્રયાસ કરવા જોઈએ. જો આવુ થશે તો જ રાજેનેતાને સમજાશે કે તે કોઈ ધર્મ, જાતિ અને વર્ગના નહી બલ્કે ભારતના લોકસેવક છે. લોકસભા હોય કે રાજ્ય વિધાનસભાન ચૂંટણ હોય જ્યાં સુધી રાજકીય પક્ષો મજબુત ઈચ્છાશક્તિ રાખશે નહીં ત્યાં સુધી અપરાધીઓને ટેકો મળતો રહેશે. સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવતા નેતાઓને મેદાનમાં ઉતારવાની પ્રક્રિયા તમામને અપનાવવાની જરૂર છે.

રાજનેતાઓએ વોટ બેંક માટે જાતિ, ધર્મ તેમજ વર્ગનો ઉપયોગ કરવો જોઈએ નહીં

ક્ષમતા પર વિશ્વાસ જરૂરી છે

બેડમિન્ટનની દુનિયામાં એકપછી એક સફળતા હાંસલ કરીને ભારતનુ નામ રોશન કરી રહેલા કિદામ્બી શ્રીકાંતે હવે તેની સફળતાને લઈને કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો છ. જે યુવા પેઢીને પ્રેરિત કરી શકે છ઼ે. શ્રીકાંતે કહ્યુ છે કે એક એક પગલુ આગળ વધારીને સફળતા હાંસલ કરી શકાય છે. બેડમિન્ટનની રમતમાં વિશ્વભરમાં ભારે લોકપ્રિયતા ધરાવનાર કિદામ્બી શ્રીકાંતે કહ્યુ છે કે વર્ષ ૨૦૧૪માં તેને બ્રેન ફીવર થઈ ગયા બાદ તેની મુશ્કેલી વધી ગઈ હતી. એ વખતે બ્રેઈન ફીવર થઈ ગયા બાદ તે ગોપીચંદ એકેડમીના બાથરૂમમાં ફર્શ પર બેભાન મળ્યો હતો. મોંડેથી જાણવા મળ્યુ હતુ કે તેને બ્રેઈન ફીવર છે. તેને એક સપ્તાહ સુધી આઈસીયુમાં રહેવાન ફરજ પડી હતી. તે આઈસીયુમાં પોતાની લાઈફ સામે લડી રહ્યો હતો. પોતાને પ્રેરિત કરવાનુ ખુબ મોટુ કામ હતુ. સ્વસ્થ થયા બાદ જ્યારે તે કોમનવેલ્થ ગેમ્સ માટે બેડમિન્ટન કોર્ટમાં ઉતર્યો ત્યારે તેની દ્રષ્ટિ બદલાયેલ હતી. જીવન પણ એક ખેલ સમાન છે. અમને બાજી ફેરવી નાંખવાના પ્રયાસ ચોક્કસપણે કરવા જોઈએ. તેનુ કહેવુ છે કે તે નાનો હતો ત્યારે આંધ્રપ્રદેશના નાનકડા ટાઉન રાવુલપલેમમાંથી સારી શક્યતાની શોધમાં તે પોતાના પરિવારના સભ્યો સાથે ગુન્ટુર આવી ગયો હતો. તેના પિતા એક જિલ્લા સ્તરના ક્રિકેટ ખેલાડી હતી. જેથી તેઓ હમેંશા રમવા માટેની પ્રેરણા આપતા હતા. મોટા ભાઈ પણ બેડમિન્ટનના ખેલમાં ઉતર્યા હતા. ત્યારબાદ તે પોતે પણ બેડમિન્ટનની રમતમાં ઉતર્યો હતો. પિતા દ્વારા મંજુરી મળી ગયા બાદ તે આમાં મહેનત કરવા માટે લાગી ગયો હતો. અમે પોતાના અભ્યાસને ખરાબ કરીશુ નહીં તેવી શરત સાથે મંજુરી આપી દેવામાં આવી હતી. બેક એપ રહે તે માટે અભ્યાસ પર ધ્યાન રાખવા માટે કહેવામાં આવ્યુ હતુ. અહીંથી શરૂઆત થયા બાદ અમે ધીમી ધીમે આગળ વધવા લાગી ગયા હતા. તેનુ કહેવુ છે કે તે ચીજોને ભુલી જાય છે. ભુલ જવાની બાબત સારી છે. આનો અર્થ એ નથી કે તમે ખરાબ ચીજોની સાથે સાથે સારી ચીજોને પણ ભુલી જાઓ. જે પણ તમે શિખ્યુ છે તેને ગંભીરતા સાથ યાદ રાખવાની જરૂર હોય છે. જે બાબત આપના પર લાદી દેવામાં આવી છે તેને ભુલી જવામાં ફાયદો રહે છે. કિદામ્બી શ્રીકાતે કહ્યુ છે કે પોતાની ક્ષમતા પર વિશ્વાસ કરવા સિવાય એન્ય કોઈ બાબત મોટી બાબત નથી. પરંતુ આ પહેલા તમારી ક્ષમતા શુ છે તેની ઓળખ કરવાની બાબત જરૂરી છે. અહીં તમારા પોતાની ક્ષમતાને સારી રીતે પસંદ કરવાની બાબત ખુબ જરૂરી હોય છે. તેનુ કહેવુ છે કે અમે તારલા કરતા આગળ જઈ શકીએ છીએ. બાળપણમાં નિર્દેશક બનવાનુ સપનુ હતુ. નાના નાની વાર્તા લખીને મિત્રોને સંભળાવતો હતો. તક મળશે તો બડમિન્ટ બાદ આ ક્ષેત્રમાં ભાગ્ય અજમાવવાન ઈચ્છા છે.

સુપર સ્ટાર્ટ અપ આઈડિયાને લઈને યુવા કારોબારી વધી રહ્યા છે...

ક્લોથ ઓન રેન્ટનો કારોબાર વધ્યો

ડિજિટલ સ્પેસે સ્ટાર્ટ અપ આઈડિયાને નવા પાંખ લગાવી દીધી છે. ખાસ કરીને ફેશન અને લાફિસ્ટાઈલ સાથે જોડાયેલા ઈન્ડસ્ટ્રીઝમાં ઈ-કોમર્સ મારફતે સૌથી વધારે બુમ જોવા મળી રહી છે. આ જ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા એક સ્ટાર્ટ અપ આઈડિયા હાલના દિવસોમાં ટ્રેન્ડ કરી રહ્યો છે. આ આઈડિયા આવનાર સમયમાં જોરદાર ધુમ મચાવવા માટે તૈયાર છે. ઓનલાઈન ક્લોથ રેન્ટલ કારોબારની ધુમ જોવા મળી રહી છે. ક્લોથિંગ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા આ કારોબારમાં હજુ સુધી ઓફલાઈન સ્ટોર જ કામ કરતા રહ્યા છે. જેમની સંખ્યા પણ મેટ્રો શહેરોમાં ગણતરીની રહેલી છે. આ ઉપરાંત આ સ્ટોર ખાસ કરીને લગ્ન સુધીની ચીજ વસ્તુઓ સુધી મર્યાદિત રહ્યા છે. એટલે કે આ પ્રકારના સ્ટોર હજુ સુધી લગ્નની તમામ ચીજ વસ્તુઓ અન એસેસરિઝ ભાડા પર અથવા તો રેન્ટ પર આપવા માટેના કામ કરતા રહ્યા છે. પરંતુ અમેરિકાથી લઈને યુરોપ અને સમગ્ર એશિયામાં હવે તમામ પ્રકારના રેન્ટલ વિયરની માંગ રોકેટ ગતિથી વધી રહી છે. આ કારોબારને પ્રમાણમાં મુશ્કેલ ગણી શકાય છે. સાથે સાથે પડકારરૂપ પણ છે. કારણ કે તમામ પ્રકારની ચીજો એકત્રિત કરવાની બાબત સરળ હોતી નથી. કારણ કે કસ્ટમર તો કોઈ પણ પ્રકારની માંગ કરી શકે છે. હાલમાં કરવામાં આવેલા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૩ સુધી વૈશ્વિક ઓનલાઈન રેન્ટલ ક્લોથનુ માર્કેટ કદ આશરે બે અબજ ડોલર સુધી પહોંચી શકે છે. આ કારોબારમાં ગ્રોથ આગામી દિવસોમાં સરેરાશ ૧૧ ટકાના દરે વધી શકે છે. નોર્થ અમેરિકા અને યુરોપના માર્કેટ આ કારોબાર માટે સૌથી લાભદાયક ગણવામાં આવ્યા છે. રિસર્ચમાં એવી માહિતી પણ ખુલ્લીને સપાટી પર આવી છે કે ભારત



ભાડા પર કોઈ પણ પ્રકારના વસ્ત્રોનો કારોબાર છેલ્લા એક વર્ષમાં ૯.૪ ટકા સુધી વધી ગયો છે : માર્કેટ કદ ૧૫૦૦૦ કરોડ સુધી પહોંચી જશે

અને ચીનમાં ઓનલાઈન રેન્ટલ માર્કેટ બિઝનેસ માટેની શક્યતા સૌથી વધારે છે. ભારતમાં તો આ કારોબાર હવે મોટા પાયે ઝડપથી ફેલાઈ રહ્યો છે. થોડાક ધૈર્ય અને ઈચ્છાશક્તિ સાથે કામ કરવામાં આવે તો આ કારોબારમાં યુવા ઉદ્યોગસાહસિકોને મોટી સફળતા હાથ લાગી શકે છે. યુવા ઉદ્યોદ સાહસિકો ઓનલાઈન રેન્ટલ ક્લોથના કારોબારમાં ઉલ્લેખનીય સફળતા હાંસલ કરવાની સાથે સાથે અન્યોને નોકરી પણ આપી શકે છે. ઓનલાઈન રેન્ટલ ક્લોથ કારોબાર સ્ટાર્ટ અપ માટે શાનદાર વિચાર તરીકે છે. આધુનિક સમયમાં મોટા ભાગના લોકો કોઈ એક મોટ પ્રસંગ માટે લાખો રૂપિયા ખર્ચ કરવા માટે તૈયાર નથી. લગ્ન પ્રસંગ હોય કે અન્ય કોઈ પ્રસંગ હોય જંગી નાણાં ખર્ચ કરવા માટે તૈયાર રહેતા નથી. આના બદલે એક બે દિવસ માટે વસ્ત્રો ભાડા પર લેવા માટે ઈચ્છુક હોય છે. જ્યારે પણ તમે રેન્ટલ કારોબારની શરૂઆત કરો ત્યારે સ્પેસની સમસ્યા સૌથી મોટી રહે છે. જાણવા જેવી બાબત એ છે કે આ કારોબારમાં તમામ પ્રકારના વસ્ત્રો જુદા જુદા કદમાં અને ક્વાલિટીની જરૂર હોય છે. જો તમારા ઘરમાં પુરતા પ્રમાણમાં જગ્યા પડેલી છે તો આના માટે કારોબાર યોગ્ય સાબિત થઈ શકે છે. આવી સ્થિતીમાં સ્પેસ રેન્ટના જંગી ભાડાથી બચી શકોછો. નવેસરના ટ્રેન્ડ મુજબ આગળ વધવામાં આવે તો સફળતા ઝડપથી મળતી રહે છે. નવેસરના પ્રવાહ મુજબ ઈન્વેન્ટરી અને સોશિયલ મિડિયા તેમજ અન્ય માધ્યમથી માર્કેટિંગ કરી શકાય છે. ટેલરિંગ વર્કશોપ, ડિઝાઈનર અને સ્ટોક રાખવા માટે પુરતી જગ્યા ફાયદો કરાવે છે. ક્લોથિંગ રેન્ટલ બિઝનેસને એક પડકારરૂપ કારોબાર તરીકે સામાન્ય રીતે જાણકાર લોકો ગણે છે. જો કે તેમાં ખુબ શક્યતા સફળતાની રહેલી છ. કારોબારની શરૂઆત કઈ રીતં કરવામાં આવે તેવો પ્રશ્ન કરનાર લોકો માટે જવાબ એ છે કે આ બિઝનેસ માટે સૌથી પહેલા કેટેગરીની પસંદગી ઉચ્ચ પ્રાથમિકતા છે. જેમાં મહિલાઓ, પુરૂષો, બાળકો અને અન્ય માટે કેટેગરી સૌથી મહત્વપૂર્ણ બાબત છે. જો કે તમામ કેટેગરીની સાથે કારોબારની શરૂઆત કરવાની બાબત પડકારરૂપ હોઈ શકે છે. કેટેગરી પસંદ કરતા પહેલા માર્કેટ રિસર્ચ કરવા માટેની જરૂર હોય છે. જેમાં આ બાબતનો અભ્યાસ કરવામાં આવે છે કે ક્યાં પ્રકારના ભાડા પરના વસ્ત્રોની માંગ વધારે છે. આ બાબત પણ ધ્યાન રાખવા જેવી છે કે ડિમાન્ડની સાથે સાથે એ કેટેગરીની તમામ ચીજો મળી રહે. કિંમતો વાજબી રાખવામાં આવે તે જરૂરી છે.

એક અબજ એક કરોડ હથિયારો પૈકી લોકો પાસે ૮૪ ટકા હથિયારો

સામાન્ય લોકો પાસે હથિયાર ખતરનાક

આ બાબત સાંભળીને તમે ચોંકી જશો કે દુનિયાભરમાં એક અબજ એક કરોડ નાના હથિયારો પૈકી ૮૪.૬ ટકા હથિયારો નાગરિકો પાસે છે. સામાન્ય નાગરિક એટલે કે પોલીસ અને સુરક્ષા દળને બાદ કરતા સામાન્ય લોકો છે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો ખાનગી સુરક્ષા કંપનીઓ, બિન સરકારી સુરક્ષા સંસ્થાઓ અને ટોળકીઓને પણ આમાં સામેલ કરવામાં આવી છે. હથિયારો પર નજર રાખનાર જીનેવા સ્થિત સંગઠન સ્મોલ આર્મ્સ સર્વેના ગયા વર્ષે જુનમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૭માં કુલ હથિયારો પૈકી ૧૩.૨ ટકા અથવા તો (૧૩.૨૦ કરોડ) રાજ્યની નિયંત્રણવાળી સેનાની પાસે છે. જ્યારે ૨.૨ ટકા અથવા તો ૨.૩૦ કરોડ હથિયારો જુદી જુદી સુરક્ષા સંસ્થાઓની પાસે છે. રિપોર્ટમાં કેટલીક ચોંકાવનારી માહિતી સપાટી પર આવી છે. રિવોલ્વર, સેલ્ફ લોડિંગ પસ્તોલ, રાઈફલ, કાર્બાઈન તેમજ એસોલ્ટ રાઈફલથી લઈને લાઈટ મશીન ગન સુધીના હથિયારોને અભ્યાસમાં સામેલ કરવામાં આવ્યા છે. આ પ્રકારના હથિયારમાં છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં ૧૭ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો છે. આને રાખનાર સામાન્ય નાગરિક મુખ્ય રીતે અમેરિ, ચીન, ભારત અને પાકિસ્તાનમાં છે. અમેરિકામાં દુનિયાની માત્ર ચાર ટકા વસ્તી રહે છે. પરંતુ ત્યાંના નાગરકોની પાસે દુનિયાના ૪૦ ટકા નાના હથિયારો છે. ત્યાં લોકોની પાસે કુલ ૩૯ કરોડ ૩૩ લાખ અથવા તો સરેરાશ ૧૦ નાગરિકો પર ૧૨ હથિયારો રહેલા છે. ખ્યુ રિસર્ચ સેન્ટરના કહેવા મુજબ ૫૦ વર્ષની ઉપરના વયના લોકો પૈકી એક તૃતિયાશ લોકોની પાસે



સામાન્ય લોકો એટલે કે પોલીસ અને સશસ્ત્ર દળ સિવાયના લોકો છે : અમેરિકામાં તો સરેરાશ ૧૦ લોકો પાસે ૧૨ હથિયારો રહેલા છે

જ્યારે ૧૮થી ૨૯ વર્ષની વયના ૨૮ ટકા યુવાનોની પાસે બન્દુક રહેલી છે. આ મામલામાં અમેરિકા બાદ ભારત બીજા સ્થાનેછે. ભારતમાં ૭.૧૧ કરોડ ચીનમાં પાંચ કરોડ અને પાકિસ્તાનમાં ૪.૩૯ કરોડ તેમજ રશિયા પાસે ૧.૭૬ પાસે હથિયારો રહેલા છે. ન્યૂઝીલેન્ડમાં સામાન્ય લોકોની પાસે માત્ર ૧૨ લાખ હથિયારો છે. ભારતની એક અલગ વિશેષતા એ છે કે સામાન્ય લોકોમાં રહેલા ૭.૧૧ કરોડ હથિયારો પૈકી ૬.૧૪ રોડ ગેરકાનુની છે. એટલે કે આની નોંધણી થયેલી નથી. સામાન્ય લોકોની પાસે હથિયારો હોવાની સૌથી મોટી કિંમત અમેરિકાને ચુકવવી પડી છે. અમેરિકામાં સામાન્ય રીતે સ્કુલમાં અથવા તો બજારમાં ગોળીબાર કરવાની ઘટના બનતી રહે છે. વર્ષ ૨૦૧૬માં અમેરકામાં ૬૪ ટકા લોકોની હત્યા આ પ્રકારના હથિયારો દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૧૯૮૨થી વર્ષ ૨૦૧૬ સુધી ૯૦ માસ શુટિંગની ઘટના બની છે. જેમાં ત્રણ કરતા વધારે લોકોના મોત થયા હતા. આ વધતી જતી ઘટનાઓના કારણે હવે અમેરિકા સહિતના દેશોમાં ખાનગી હથિયારો રાખવા સામે એક અભિયાનની શરૂઆત થઈ ચુકી છે. પૂર્વ પ્રમુખ બરાક ઓબામા પણ હથિયારો રાખવાની વિરુદ્ધમાં હતા. પરંતુ હથિયારોને લઈને ત્યાં લોબી એટલી મજબુત છે આવા તમામ અભિયાન સફળ સાબિત થતા નથી. ભારત માટે ગેરકાયદે હથિયારોને લઈને ભારે ચિંતા છે. ખાસ કરીને ચૂંટણીના માહોલમાં આના કારણે નુકસાન થવાની શક્યતા વધારે રહે છે. આનો ઉપયોગ મતદારોને ધાક ધમકી આપવા માટે કરવામાં આવે છે. સમૃદ્ધિ, સુરક્ષા અને સ્માર્ટનેસના તમામ દાવા છતાં સામાન્ય લોકો દિન પ્રતિદિન હથિયાર મેળવી રહ્યા છે. હથિયારોની સ્પર્ધા કોઈ પણ રીતે યોગ્ય ગણી શકાય નહી. હથિયારો સામાન્ય લોકોની પાસે હોવાની સ્થિતીમાં ગુનાઓ વધારે બને છે. સાથે સાથે સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણીમાં ધાક ધમકી બાદ વધારે પ્રમાણમાં હથિયારોનો ઉપયોગ કરવામાં આવે છે.

સામાન્ય લોકો પાસે હથિયારોને લઈને તંત્ર સાવધાન રહે તે ખુબ જરૂરી છે. કારણ કે અમેરિકામાં તો સામુહિક હત્યાકાંડના બનાવો સતત બનતા રહે છે. હવે અમેરિકામાં પણ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જો કે અમેરિકામાં હથિયાર ધરાવતા લોકોની લોબી વધારે મજબુતી સાથે મેદાનમાં આવી ચુકી છે.

આધુનિક ભાગદોડની લાઈફ આના માટે મુખ્ય રીતે જવાબદાર...

સ્થુળતા વૈશ્વિક સમસ્યા બની ચુકી

તાજેતરના સમયની લાઈફસ્ટાઈલના કારણે કેટલીક બિમારી સીધી રીતે આવી રહી છે. જેના કારણે અન્ય બિમારીને પણ આમંત્રણ મળી રહ્યુ છે. હાલની ભાગદોડની લાઈફસ્ટાઈલના કારણે સ્થુળતા એક જટિલ સમસ્યા તરીકે ઉભરી રહી છે. સમયના અભાવના કારણે અનિયમિત ભોજન, વધુ પ્રમાણમાં જંક ફુડ ખાવા જેવી ટેવના કારણે સ્થળુતાથી તમામ લોકો ગ્રસ્ત થઈ રહ્યા છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે બ્લડપ્રેશર અને ડાયાબિટીશ થવા માટેના મુખ્ય કારણોમાં સ્થૂળતા સૌથી મુખ્ય કારણ છે. દેશમાં પાંચ પૈકી એક વ્યક્તિ ડાયાબિટીશ અને હાઈપરટેન્શનથી પરેશાન છે તેવા અહેવાલ બાદ આ અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે બ્લડપ્રેશર અને ડાયાબિટીશ થવા માટે મુખ્ય કારણ સ્થૂળતા છે. સ્થૂળતા જ આ મુખ્ય બિમારીઓને આમંત્રણ આપે છે. સાઈટના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે લોકો નિયમિતપણે તેમના સુગર અથવા તો બ્લડપ્રેશર ઉપર નજર રાખતા નથી. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે ત્રણ મહત્વપૂર્ણ પરિબળો છે જેના ટેસ્ટ નિયમિતગાળામાં થાય તે જરૂરી છે. આમા જણાવવામાં આવ્યું છે કે સુગર અને બ્લડપ્રેશર નિયમિતપણે ચકાસવામાં આવે તે જરૂરી છે. અભ્યાસમાં ખૂબ ઓછા લોકો આ ધારાધોરણ પાળી રહ્યા હોવાની બાબત જાણવા મળી છે. મહારાષ્ટ્રમાં મુંબઈ, પૂણે, સહિતના મોટા શહેરોમાં રહેતા લોકોની લાઈફસ્ટાઈલને આવરીને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે રીતે મહિલાઓમાં સ્થૂળતા ઘણી બિમારીઓને આમંત્રણ આપે છે તેવી જ રીતે ઓછુ વજન પણ ઘણી બિમારીઓને આમંત્રમ આપે છે. આનો મતલબ એ થયો કે, સ્થૂળતા અને વધારે પડતુ ઓછુ વજન બંને ખતરનાક છે. જેથી મહિલાઓને પોતાના વજન બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)મુજબ રાખવા તબીબો સલાહ આપે છે. બીએમઆઈ દરેક વ્યક્તિની હાઈટ અને વજન ઉપર આધારિત હોય છે. બોડી માસ ઈન્ડેક્સ અને અન્ય અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ૪ ફુટ ૧૦ ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન આદર્શ રીતે ૪૯-૫૪ કિલો, પાંચ ફુટની મહિલાઓનું વજન ૫૧-૫૭ કિલોગ્રામ હોવું જોઈએ. આવી જ રીતે મહિલાઓમાં પાંચ ફુટ એક ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન ૫૨-૫૮ હોવું જોઈએ. વજન અને હાઈટ બંનેની ગણતરી સમતુલીત પણે કરવામાં આવે તે જરૂરી છે. ભારતીય તબીબ ડો. રચના ઝાલાએ કહ્યું છે કે, સ્થૂળતા અને વધારે પડતુ વજન સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. સ્થૂળતાને કારણે એકબાજુ ડાયાબિટીસ, હાર્ટ સાથે સંબંધિત તકલીફ ઉભી થાય છે. બીજી બાજુ ડાઈટીંગ અને વધારે પડતું વજન ઉતારનાર મહિલાઓમાં પણ ઘણી બિમારીઓ ઘર કરી શકે છે. આધુનિક સમયમાં યુવતીઓ આકર્ષક દેખાવા માટે જીરો ફિગર મેળવવા પ્રયાસ કરે છે. જે ખતરનાક સાબિત થઈ શકે છે.

સ્થુળતા અનેક બિમારીને આમંત્રણ આપે છે : નિયમિત રીતે સુગર અને બ્લડપ્રેશરની તપાસ કરાવવામાં આવે તે દરેક માટે જરૂરી છે

અમેરિકામાં હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવું રસપ્રદ તારણ સપાટી ઉપર આવ્યું છે કે બાળકોને ઘરે જમવા માટે કોણ બનાવી આપે છે તેના સીધા સંબંધ તેના આરોગ્ય સાથે સંકળાયેલા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઘરમાં માતા દ્વારા બનાવવામાં આવતી ખાવા-પીવાની ચીજવસ્તુ બાળકોને સ્થૂળતાથી ઘટાડવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. સ્થૂળતા અને બાળકોને ઘરમાં બનાવી આપવામાં આવતી ચીજવસ્તુ વચ્ચે સીધો સંબંધ રહેલો છે. આ અભ્યાસના તારણો સપાટી ઉપર મૂકવા માટે સંશોધકોએ સ્પેનના ગ્રેનાડા પ્રાંતમાં આવેલી જાહેર અને ખાનગી સ્કૂલોના નવથી ૧૭ વર્ષના બાળકોને આવરી લઈને સેમ્પલ લીધા હતા. સંશોધકોએ ૧૩થી વધુ મોટી સ્કૂલોમાં અભ્યાસ કરતા બાળકો ઉપર નજર રાખી હતી. સંશોધકોએ આના માટે સાવધાનીપૂર્વક બાળકોના વજન, કદ અને બોડીમાસ ઈન્ડેક્સ (બીએમઆઈ) જેવી બાબતોની વય અને જાતિ સાથે નોંધ લીધી હતી. ત્યારબાદ છ જેટલી બાબતોને પણ આમા આવરી લેવામાં આવી હતી. શરીરના જુદા જુદા હિસ્સા ઉપર પોષણની થતી અસર ચકાસવામાં આવી હતી. યુનિવર્સિટી ઓફ ગ્રેનેડાના સંશોધકોએ બાળકોના પરિવારના વાતાવરણ, ચોક્કસ ખાવાની ચીજવસ્તુઓ, શારીરિક કસરતની ટેવ જેવી બાબતોમાં પણ નોંધ લીધી હતી. પરિવારના વાતાવરણ અને સ્થૂળતા વચ્ચે સંબંધોની પણ નોંધ લીધી હતી. આ તમામ બાબતોની નોંધ લીધા બાદ સંશોધકોને જાણવા મળ્યું કે બાળકોની ટેવ અને બીએમઆઈ વચ્ચે સીધો સંબંધ છે. એવું પણ જાણવા મળ્યું છે કે શારીરિક કસરતની ટેવ ધરાવતા બાળકોની સ્થિતિ સારી રહે છે. સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે હેલ્થી હેબિટને પ્રોત્સાહન આપવામાં આવે તે જરૂરી છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઈ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

the next big thing

URMI
INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી
એક
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ
- URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો
- 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.
સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) ઘઉં-ચણાનું
સબસીડીપાત્ર ઓટોમેટિક થ્રેશર
(ઘઉં, તુવેર, સોયાબીન, જુવાર, બાજરી, ચણા - ૨૨ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર
સબસીડીપાત્ર (લીલી-તાજી મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર
સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર
સબસીડીપાત્ર ૯ ફૂટ ૭૬૨

હાર્વેસ્ટર (ભીની તથા ભોંયુ)
(સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર)
સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ ૬૨૨

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર
ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (ભાંયુ/ભોંયુ)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી)
સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો
લેઝર લેવલર (ગિયર - ડબલ ટ્રાય)
ઓટોમેટિક પલ્ટી - ટ્રાલી સબસીડીપાત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર)
હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું
પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ડૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર, પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન, બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, થાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત ફરુરુ મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો
અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

Guarantee for Solution and Privacy All World Open Challange

૪૦ વર્ષના અનુભવી શ્રી રાજગુરૂજી દેશ-વિદેશમાં પ્રખર ૪ પેઢીથીસેવા આપનાર.

દેશ-વિદેશમાં લેતા ભાઈ-લહેનો ઘેરબેઠા કોયડો કામ કરાવી શકે છે ૧૮ ગોલ્ડમેડાલિસ્ટ, ફોરેન રીટર્ન, વર્લ્ડ ફેમસ એકવાર ફોન કરો લાભ લો.

વિશેષ : શેર-સટ્ટા, લોટરી, હોટલ, મોટેલરેસ્ટોરન્ટ, ટી.વી. ફિલ્મલાઈનમાં કામ, કેરીયરબ્રેકશીપ જોબ, ફસાયેલા નાણાં, દારૂ-ડ્રગ્સ છોડાવો,દેશ-વિદેશની એ ટુ ઝેડ ગુપ્ત તમસ્યા, પતિ-પત્ની સેક્સ્યુલ પ્રોબ્લેમ, તંતાણાધિ, નબળાઈ, કમજોરી, અશક્તિ, ગુપ્ત રોગ તમસ્યા, લેસ્બિયન, ગે, હોમા સિક્સુઅલશીપ, પ્રેમી-પ્રેમિકા સેટલમેન્ટ, લવમેરેજ, વશીકરણ, ધાર્યું કામ, સ્ત્રી-પુરૂષ વશ, કુબ્જા મોહિની વશીકરણ, વિદેશ, વિઝા, વ્યસન, બિમારી ભૂતપ્રેત, ડર, ભય-સ્ટોપ, ગુપ્ત રોગ, મૂઠ શત્રુનાશ, સૌતનત્રાસ,ઘરેલું તમસ્યા, મેલીવિદ્યા, મૂઠમેર, વશીકરણ, શત્રુવિજય તત્કાલીનનિવારણ તથા હસ્તમૈથુન, શીઘ્રપતન,સ્વપ્નદોષ, સંગત તૈકત સંબંધ , ખોડા વહેમ, આડા તાલંક, સ્વપ્ન કે ઈન્દ્રીઓ માં વધારો, વિદેશ જવા ઈચ્છો છતાં વિઝા નથી મળતો વગેરે તમસ્યા માટે ખાસ મળો.

- શું તમે એજ્યુકેશનમાં નબળા છો ?
- તમને વ્યસન ની ટેવ છે ?
- તમે અવરી લત પર ચઢી ગયા છો ?
- તમે જીવનની સમસ્યામાં ઘેરાઈ ગયા છો ?
- તમને શત્રુનો ત્રાસ છે ?
- ઘરમાં અશાંતિ છે ?
- બિમારીથી ઘેરાઈ ગયા છો ?
- કર્જ થઈ ગયો છે, વ્યાપાર-ધંધો ચાલતો નથી ?
- પતિ-પત્ની સંતાનથી પીડાઈ રહ્યા છો ?

હજારો ભવિષ્યવાણી સિદ્ધ લાખો કામ સફળ

હસ્તરેખા, જન્માક્ષર, વાસ્તુ,પિરામીડ, રમલશાસ્ત્ર,ફેંગશુઈ,ટેરો,સ્ટોન, ફેસ રીડીંગ સ્પેશ્યાલિસ્ટ

મોબાઈલ, ઈલેકટ્રોનીક, બ્યુટીપાર્લર, કોસ્મેટીક, હોઝયરી,ક્લોથ સ્ટોર, રિયલ એસ્ટેટ, ટ્યુશ્વેલ્સ, ટ્યુશન ક્લાસ,કેટરીંગ, કરીયાણુ, દવાખાનું, મેડીકલ, અથવા ઓફિસવર્ક,ફેકટરી માં કોઈ પણ સમસ્યા માટે ખાસ અલોકીક વસ્તુ મળશે.

ઘરે બેઠા કામ થશે

નોંધ : નેતા, અભિનેતા, અભિનેત્રીઓ, ટીવી સ્ટાર, ઉદ્યોગપતિ, પ્રતિષ્ઠિત વ્યક્તિ, ઉચ્ચ ધનાઢય, મધ્યમવર્ગ,લાખો લોકોએ લાભ લીધેલ, જેના લખાણ કે વખાણની જરૂર નથી. મળીને ખાત્રી કરો.

Note : If Husband, Son or Boy Friends not Listening to your advice Cont Immediately

વડોદરા, ગુજરાત. M. 9574776699

VIMOX™ INNOVATION



Customer Care
72260 72333 | 72260 72444 | 72260 72555
Web.: www.vimoxindia.com E-mail: vimoxindia@gmail.com

સેલ...સેલ...સેલ...સેલ...સેલ...

અમદાવાદના પ્રખ્યાત ઢાલગરવાડવાળા

નુ ફેન્સી સીંગલ/ડબલ બેડ ચાદરોનું ભવ્ય સેલ ટુંક સમય માટે જ ફકત ટુંક સમય માટે જ

સીંગલ બેડ 4 ચાદર ₹550

ડબલ બેડ 3 ચાદર જયપુરી ચાદર કવર સાથે ₹999

ટુવાલ-નેપકીન, સીંગલ-ડબલ બેડ ચાદર, કાર્પેટ, દોહર, દોહર સેટ, પિલો કવર, કુશન કવર, રજાઈ કવર, ભાગલપુરી સાલ, સોલાપુરી ચોરસા, દીવાન સેટ, બેડ રનર, પગ લુછણીયા, આસન, કમ્ફર્ટર રેમન્ડ, રીલાયન્સ, મફતલાલ, ટ્રાઈડેન્ટ, વેલસ્પન જેવી બ્રાન્ડેડ કંપનીઓના ડબલબેડ પર હેવી 50% ડીસ્કાઉન્ટ

કુમકુમ હોલ (A.C.હોલ) પહેલા માળે, ઉદય કુડલેન્ડ, અમુલ પાર્લર પાસે, મધુરમ પાર્ટી પ્લોટ સામે, ઝાડેશ્વર, ભરૂચ.મોઃ 9638672495

સમય : સવારે ૧૦ થી રાત્રે ૯, શુક્રવારે બપોરે ૧ થી ૨ બંધ (રવિવારે ચાલુ)

Claver Computer

Think Different

Mo.90992 33071

Scholarship Courses		Govt. Certified Course	
